વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૧૧-૧૨ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જૂન ૬-૨૨, ૨૦૨૬

# 'સેવા'એ ઉજવ્યો વિશ્વ પર્યાવરણ દિવસ

## પર્યાવરણનું રક્ષણ એટલે આપણા જીવનનું રક્ષણ

''કુદરત આપણને જીવન આપે છે, હવે તેની સુરક્ષા કરવાની જવાબદારી આપણી છે.'' પર્યાવરણ આપણા જીવનથી અલગ નથી. આપણું આરોગ્ય, કામ-ધંધા-રોજગાર, ખોરાક અને આવનારું ભવિષ્ય બધું જ કુદરત સાથે જોડાયેલું છે. 'સેવા' માટે કુદરતનું રક્ષણ કરવું એટલે શ્રમજીવી બહેનોના જીવનને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવું. સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણથી પરિવારોનું આરોગ્ય સારું રહે છે, રોજગારીની તકો મજબૂત બને છે અને શહેરો તેમ જ ગામો વધુ સક્ષમ બને છે.

'સેવા'ની ૫૦ વર્ષની ઉજવણી દરમિયાન 'સેવા'ના સ્થાપક ઈલાબહેને જણાવ્યું હતું કે, ''ખરી ઉજવણી તો ત્યારે છે જયારે આપણે 'સેવા'ના આગળના ૫૦ વર્ષને જોઈએ- ૫૦ વર્ષના અનુભવમાં આપણે આપણી સંગઠિત શક્તિ અને આપણા મૂલ્યોને સાથે રાખીને ભવિષ્યમાં 'સ્વચ્છ આકાશ' માટે કામ કરવું અગત્યનું છે.''

વાત કરું, ''સ્વચ્છ આકાશ'' ઝુંબેશની, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આપણા આજુબાજુના હવા, પાણી અને જમીન સ્વચ્છ થાય, ને બેનોને હરિયાળો રોજગાર મળે. ''સ્વચ્છ આકાશ'' ઝુંબેશ અંતર્ગત વિવિધ પ્રકારના કામો હાથ ધરાયા છે. જેમાં સતત બદલાતા વાતાવરણ સામે કેવી રીતે ટકી રહેવું, પગભર થવું, વાતાવરણમાં કેવી રીતે સુધારો લાવવો વગેરે માટે આપણે કામ કરી રહ્યા છીએ.

'સેવા'ની ''સ્વચ્છ આકાશ'' ઝુંબેશ હેઠળ સભ્ય સભ્ય બહેનો માત્ર વૃક્ષારોપણનું મહત્ત્વ જ નહીં, પરંતુ કયા પ્રકારનાં વૃક્ષો વાવવાં જોઈએ અને તેનાથી શું લાભ થાય છે તેની પણ સમજ કેળવી છે. સભ્ય બહેનો હવે જાણે છે કે કયા વૃક્ષો વધુ ઓક્સિજન આપે છે, પર્યાવરણને સ્વચ્છ રાખવામાં મદદ કરે છે અને સાથે સાથે ફળાઉ વૃક્ષો દ્વારા વધારાની આવક પણ આપે છે.

સભ્ય બહેનો સમજી રહ્યાં છે કે માત્ર વૃક્ષો વાવવાથી કામ પૂર્ણ થતું નથી. વૃક્ષોનું જતન કરવું, સમયસર પાણી આપવું, તેમનું રક્ષણ કરવું અને તેમનો ઉછેર કરવો પણ એટલું જ જરૂરી છે.

પાંચ જૂન, ૨૦૨૬ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસે 'સેવા'એ એક જ સંદેશ આપ્યો કે, પર્યાવરણનું રક્ષણ કોઈ એક દિવસનું કામ નથી, પરંતુ રોજિંદા જીવનની નાની-નાની સારી ટેવોમાંથી શરૂ થાય છે. સભ્ય બહેનો, બાળકો, ખેડૂતો અને ગામનાં લોકો વૃક્ષારોપણ, બીજ બોલ બનાવવાની, જમીનની તપાસ, પાણી બચાવવાના ઉપાયો અને પર્યાવરણ જાગૃતિ જેવાં વિવિધ કાર્યક્રમોમાં જોડાયાં હતાં.

# ખેડૂત જશોદાબહેન બન્યા અમદાવાદ યુનિવર્સિટીના એક દિવસના પ્રોફેસર

આણંદ જિલ્લાના સંજાયા ગામના જશોદાબહેન નાના અને સીમાંત ખેડૂત છે. 'સેવા'માં ૨૦ વર્ષથી જોડાયેલા છે. 'સેવા' થકી ખેતીની ઘણી તાલીમો એમને લીધી છે અને તાલીમનો ઉપયોગ પુરેપુરો પોતાના કામ અને ગામ બન્નેમાં કર્યો છે. ૩૦૦ બહેનોને રાગીનું વાવેતર કરતા કર્યા છે. ખેતીમાં પોતાના સ્વઅનુભવને લીધે પ્રોફેસર તરીકે ઉભરી આવ્યા. અમદાવાદ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. ભુવનબહેન પાઠક જે બીજપાકમાં જુદા જુદા સંશોધન કરે છે. એમને એકવાર રાગીનું બિયારણ લાવી ધરું કર્યું પણ ઉગાવો થયો નહિ. આ વર્ષે મગફળીના પાકમાં બોડરપાક તરીકે રાગીનું વાવેતર કરવાનું છે. ભુવનબહેન સાથે ૩ વિદ્યાર્થીઓ (કેદાર, હરિણી અને પ્રથમ) છે જે આ કામમાં સંકળાયેલા છે. જેમને આ તાલીમ લીધી.

સમગ્ર દુનિયા વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવે છે પાંચમી જૂને, પણ જૂન મહિનામાં જશોદાબહેન અમદાવાદ યુનિવર્સિટીના પ્રોફેસર દ્વારા રાગી ધરું તૈયાર કરવા માટેની તાલીમ આપવા માટે આમંત્ર્યા. જે 'સેવા' અને જશોદાબહેન માટે એક ગૌરવની ક્ષણ હતી. સૌ પ્રથમ જશોદાબહેને સમજ આપી કે, હું ખેતર માટે આ રીતે રાગીનું ધરું તૈયાર કરું છું. પહેલા જમીન તૈયારી કરવી જેમાં ૧ વીઘામાં ૩-૪ ટ્રોલી ખાતર આપીએ, પછી તેમાં તરત પિયત કરી ૩-૪ દિવસ પછી એ જમીનમાં ભેજ એટલે કે માટીનો લાડુ બને એવી જમીન હોય ત્યારે રાગીના ધરું માટે જમીન તૈયાર થઇ કહેવાય. આજે આપણે ગ્રીનહાઉસ બેગમાં રાગીનું વાવેતર કરવાનું છે. આ માટી ખાતર સાથે ભેળવેલી છે, હવે તેમાં પાણીનો છંટકાવ કરી માટીનો લાડુ તૈયાર કરવો, ત્યારબાદ રાગીના બીજ હાથમાં લઇ છટણી કરવી દાણા છુટા પડે તે રીતે, ત્યાર પછી ઉપરથી થોડા હલકા પાણીનો છંટકાવ કરવો. હાલમાં ગરમી વધારે છે માટે દર ૪ દિવસે ભેજ રહે તે મુજબ પાણીનો છંટકાવ કરવો. ૨૦થી ૨૫ દિવસમાં રાગીનું ધરું રોપવા લાયક તૈયાર થઇ જાય છે.



**રાગીના ધરુ તૈયાર કરવાની તાલીમ આપતા જશોદાબહેન**

''જશોદાબહેન કહે, મેં સપનામાં પણ નહતું વિચાર્યું કે, મારા જેવા નાના ખેડૂતના કામની ઓળખ યુનિવર્સિટી સુધી પહોંચશે !''

અંતમાં, અમદાવાદ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ,ભુવનબહેને ખાસ જશોદાબહેને કહ્યું કે, અમે પ્રોફેસર એટલે સંશોધન રીપોર્ટ, લેબોરેટરી રીપોર્ટ માટેના કામ કરી શકીએ, પણ ખેતીમાં કામ કરવાની આવડત તમારા જેવા ખેડૂત જ કરી શકે. તમે આજે અમારા આંગણે આવ્યા તેની મને બહુ ખુશી છે, દિલથી ખાસ આભાર માન્યો અને અમદાવાદ યુનિવર્સિટીની કેન્ટીનમાં સાથે ભોજન લીધું. જય 'સેવા'...

**– જ્યોત્સના**

# પાંચમી જૂને 'સેવા'માં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં 'સેવા'ના સભ્ય બહેનો દ્વારા ૪ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિનો હેતુ માત્ર વૃક્ષો વાવવાનો નહોતો, પરંતુ તેમની સંભાળ રાખીને શહેર અને ગામોને વધુ લીલા અને સ્વસ્થ બનાવવાનો હતો.

પાટણ જિલ્લામાં 'સેવા'ના સભ્ય બહેનોએ ૩૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. તેમાં તેમણે લીમડો, જાંબુડો, પાનજ, સુબાવળ અને દાડમડી જેવાં વૃક્ષો વાવ્યાં હતાં. સભ્ય બહેનોને સમજાયું કે, વૃક્ષો માત્ર હરિયાળી નથી વધારતાં, પરંતુ ગરમી ઘટાડે છે, હવાની ગુણવત્તા સુધારે છે, જમીનનું ધોવાણ અટકાવે છે અને આવનારી પેઢી માટે સ્વસ્થ વાતાવરણ બનાવે છે. સાથે સાથે સીડ બોલ બનાવ્યાં છે.

મહેસાણા જિલ્લાનાં ધણાલી, કૈયલ, માથાસુર, નરોલા, વડુ, સમેત્રા, સોખડા, સેદર્દી, નવાપુરા, ગમનપુરા, કાસવા, કાનપુર, ગણેશપુરા, વડપુરા અને આનંદપુરામાં એમ ૧૫ ગામોમાં ગામ લોકોની ભાગીદારીથી ૧,૩૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.



**'સ્વચ્છ આકાશ' ઝુંબેશ વિશે માહિતી અને તાલીમ આપતાં 'સેવા'નાં આગેવાન બેન**



**પર્યાવરણ દિનની ઉજવણીની મિટીંગ બાદ રોપા વિતરણ**

અરવલ્લી જિલ્લામાં 'સેવા'નાં સભ્ય બહેનો અને ગામના આગેવાનો દ્વારા ૪૬૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. તેમાં આંબો, જાંબુડો, સીતાફળી અને લીમડાનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિએ બતાવ્યું કે, જ્યારે સભ્ય બહેનો પર્યાવરણની જવાબદારીમાં આગળ આવે છે ત્યારે ગામ લોકો વધુ મજબૂત બને છે.




**રસ્તાની ધારે વૃક્ષનું વાવેતર કરતાં અરવલ્લીનાં સભ્ય બહેનો**

આણંદ જિલ્લામાં 'સેવા' દ્વારા ચાલતાં 'બાળ કેન્દ્રો'નાં બાળકોએ પણ વૃક્ષારોપણમાં ભાગ લીધો હતો. કુલ ૧,૨૫૮ રોપાઓ વાવવામાં આવ્યાં હતાં. બાળકોમાં નાનપણથી જ કુદરત પ્રત્યેનો પ્રેમ અને જવાબદારી વિકસે તે માટે આ એક મહત્ત્વનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



**કુદરત પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતાં 'બાળ કેન્દ્રો'નાં બાળકો**

સુરેન્દ્રનગર જિલ્લાનાં ૨૧ ગામોમાં વૃક્ષારોપણ સાથે સ્વચ્છ ઊર્જા અને હરિયાળી ટેક્નોલોજી વિશે જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. અંદાજે ૫૩૦ સભ્ય બહેનોએ સોલાર ઊર્જા અને સ્વચ્છ ટેક્નોલોજીના ફાયદા વિશે માહિતી મેળવી હતી.

ભાવનગર જિલ્લામાં સભ્ય બહેનો દ્વારા વૃક્ષોના રોપા વાવવામાં આવ્યાં અને બીજ બોલ (Seed Ball) પ્રવૃત્તિ દ્વારા કુદરતી રીતે નવા છોડ ઉગાડવાના પ્રયાસો કરવામાં આવ્યાં. સાથે સાથે ૧૦ મહિલા-ખેડૂતોની ખેતીની જમીનનું માટી પરીક્ષણ (Soil Testing) કરવામાં આવ્યું. આનાથી તેઓ પોતાની જમીનની સ્થિતિ સમજીને વધુ સારી અને ટકાઉ ખેતી પદ્ધતિ અપનાવી શકશે.




**ભાવનગર જિલ્લામાં સીડ બોલ બનાવવાની રીત સમજાવતા 'સેવા'નાં આગેવાન બહેનો**

કચ્છ જિલ્લાનાં ૧૫થી ૨૦ ગામોમાં વૃક્ષારોપણ, પાણી બચાવ અને સ્વચ્છ પર્યાવરણ અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા. પાંધ્રો ગામમાં સભ્ય બહેનો અને બાળકોએ સાથે મળીને વૃક્ષો વાવ્યાં અને કુદરતનું રક્ષણ કરવાની જરૂરિયાત સમજી.



**નર્સરીમાંથી રોપા લેતી બહેનો**

છોટા ઉદેપુર જિલ્લાનાં પાંચ ગામોમાં પર્યાવરણ વિશેની જાગૃતિ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી હતી. સભ્ય બહેનોને વૃક્ષોનું મહત્ત્વ, પર્યાવરણ સંરક્ષણ, પાણી બચાવવું અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા અંગે માહિતી આપવામાં આવી હતી. ૫૫ મહિલા ખેડૂતોના જમીનના નમૂનાઓ એકઠા કરવામાં આવ્યા હતા, જેથી તેઓ પોતાની જમીનની તંદુરસ્તી સમજીને વધુ સારી ખેતી કરી શકે.

આ વિસ્તારના દરેક ગામમાં આશરે ૫૦ રોપાઓ વાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. સભ્ય બહેનોને વૃક્ષો વાવવા સાથે તેમની સંભાળ રાખવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમ દ્વારા હરિયાળું, સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ બનાવવા માટે સભ્ય બહેનોમાં જાગૃતિ અને ભાગીદારી વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



**જમીન ચકાસણી માટે માટીનો નમૂનો લેતા 'સેવા'નાં સભ્ય બેન**

અમદાવાદ જિલ્લાના ધોળકા, ધંધુકા, સાણંદ, વિરમગામ, બાવળા અને દસક્રોઈ તાલુકાનાં ૩૫ ગામોમાં સભ્ય બહેનોની આગેવાની હેઠળ વૃક્ષારોપણ અને જાગૃતિ કાર્યક્રમો યોજાયા. દરેક ગામમાં શાળા, જાહેર સ્થળો અને ઘરોમાં લગભગ ૧૦૦ રોપા વાવવામાં આવ્યાં. લીમડો, પીપળો, વડ, લીંબુડી, સરગવો, દાડમડી, આંબો, ચીકુડી અને જાબુંડાનું વાવેતર કરવામાં આવ્યું. સાથે સાથે ૮૫ સભ્ય બહેનોનું માટી પરીક્ષણ કરવામાં આવ્યું. તેમને વૃક્ષોની સંભાળ, પાણી બચાવ અને જમીનની ફળદ્રુપતા અંગે માહિતી આપવામાં આવી.



**જમીન ચકાસણી માટે માટીનો નમૂનો લેતા 'સેવા'ના સભ્ય બેન**

''માટી તંદુરસ્ત તો ખેતી મજબૂત અને ખેતી મજબૂત તો પરિવાર સુરક્ષિત.''

મહારાષ્ટ્રમાં ''વિશ્વ પર્યાવરણ'' દિવસની ઉજવણી ''સેવા''એ કરી.



**વૃક્ષારોપણ કરતા મહારાષ્ટ્રના 'સેવા'નાં સભ્ય બહેનો**

મહારાષ્ટ્રમાં યોજાયેલા કાર્યક્રમોમાં સભ્ય બહેનો, મહિલા ખેડૂતો અને ગામના લોકો સક્રિય રીતે જોડાયાં હતા. સભ્ય બહેનોએ સમજાયું કે પર્યાવરણનું રક્ષણ માત્ર વૃક્ષો વાવવાથી નહીં, પરંતુ રોજિંદા જીવનમાં કુદરતને નુકસાન ન થાય તેવા નાના નાના પ્રયત્નોથી પણ થાય છે.

સભ્ય બહેનોને પોતાના ગામમાં પાણી, જમીન અને કુદરતી સંસાધનોનું જતન કેવી રીતે કરી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે સંકલ્પ લીધો હતો કે વાવેલાં વૃક્ષોની સંભાળ રાખશે અને પોતાના ગામને વધુ સ્વચ્છ અને હરિયાળું બનાવવામાં યોગદાન આપશે.

કાશ્મીર 'સેવા'માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



**પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો કરતા 'સેવા'ના આગેવાનો**

કાશ્મીરના કુપવાડા વિસ્તારમાં પર્યાવરણ જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાયા હતા. ખુર્હામા, બટરગામ અને 'સેવા' કુપવાડા કેન્દ્ર ખાતે 'સેવા'ના સભ્ય બહેનોની હાજરીમાં પર્યાવરણ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

કુપવાડા જેવા પહાડી વિસ્તારમાં લોકોનું જીવન કુદરતી સંસાધનો સાથે ખૂબ નજીકથી જોડાયેલું છે. પાણી, લાકડું, ખેતી અને રોજગારી માટે લોકો કુદરત પર આધાર રાખે છે. તેથી સભ્ય બહેનોને સમજાવવામાં આવ્યું કે કુદરતમાંથી આપણે જે લઈએ છીએ, તેનું જતન કરવું અને આવનારી પેઢી માટે તેને સાચવવું પણ એટલું જ જરૂરી છે.

સભ્ય બહેનોને વૃક્ષો વાવવાં, કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ કરવો અને પર્યાવરણને નુકસાન ઓછું કરવા માટેની સમજ કેળવી.

ચર્ચા દરમિયાન એ વાત પર પણ ભાર મૂકવામાં આવ્યો કે, મહિલાઓ, પરિવાર અને સમાજમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જો મહિલાઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત બને છે તો તે પોતાનાં બાળકો અને સમાજમાં પણ આ સમજણ ફેલાવી શકે છે.



**પર્યાવરણ જાગૃતિ કામ કરતા 'સેવા'નાં આગેવાનો**

કાર્યક્રમના અંતે સભ્ય બહેનો દ્વારા સ્વચ્છ અને હરિયાળું ભવિષ્ય બનાવવા માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો.

બારામુલ્લા વિસ્તારમાં પર્યાવરણમાં માત્ર સફાઈ જ નહીં પરંતુ વસ્તુઓનો ફરીથી ઉપયોગ (રી-યુઝ) કરવા પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. કપડાં બનાવતી વખતે વધેલા કાપડના ટુકડામાંથી ઓશીકાં બનાવવામાં આવ્યાં હતાં, જેથી કચરો ઓછો થાય અને વસ્તુઓનો યોગ્ય ઉપયોગ થાય.

આ સાથે એક નદીમાં ભરાયેલા કચરાની સફાઈ કરવામાં આવી હતી અને રસ્તા પરથી કચરો ભેગો કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. પર્યાવરણને વધુ સ્વચ્છ બનાવવા માટે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# સ્વચ્છ પાણી – સ્વસ્થ જીવન – સમૃદ્ધ પરિવાર

શું તમે હજુ પણ પાણી માટે લાંબી કતારમાં ઊભા રહો છો?
શું બોરવેલ, શૌચાલય અથવા બાથરૂમની સુવિધાના અભાવે રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરો છો?

## હવે ચિંતા છોડો!









**સેવા બેંક WASH લોન દ્વારા મેળવો:**

- સ્વચ્છ અને સુરક્ષિત પાણી માટે બોરવેલ અથવા પાણીની સુવિધા
- ઘરેલું બાથરૂમની સુવિધા
- સ્વચ્છ અને સુરક્ષિત શૌચાલયનું નિર્માણ
- વધુ આરોગ્યપ્રદ અને સન્માનપૂર્ણ જીવન

**સેવા બેંક WASH લોન દ્વારા તમારા પરિવારને આપો સ્વચ્છતા, આરોગ્ય અને પ્રગતિની નવી દિશા**

SERVICES BRANCH BANKING/MOBILE BANKING/FINANCIAL LITERACY/DIGITAL LITERACY/ENTERPRENEURSHIP TRAINING CENYTER

mail@sewa.bank.in sewa.bank.in




**પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો ઉત્તરપ્રદેશની શાળામાં કરતા 'સેવા'નાં બહેનો**

કપડાંના કામ સાથે જોડાયેલા 'સેવા' સભ્ય બહેનોએ પણ પોતાના પર્યાવરણ બચાવવાના પ્રયાસો શેર કર્યા હતા. તેમાં ઘરનો કચરો ખાતરમાં ફેરવવો, શાકભાજીને સૂર્યપ્રકાશથી સૂકવણી અને પ્લાસ્ટિકની થેલીઓના બદલે ફરીથી ઉપયોગ કરી શકાય તેવી થેલીઓ બનાવવી જેવા પ્રયાસોનો સમાવેશ થાય છે.

ઉત્તર પ્રદેશમાં 'સેવા' દ્વારા 'પર્યાવરણ સપ્તાહ' ઊજવવામાં આવ્યું હતું. ૫ જૂનથી વૃક્ષારોપણ, ચિત્ર સ્પર્ધા અને 'સ્વચ્છ આકાશ' અભિયાન વિશે જાગૃતિ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમો દ્વારા સભ્ય બહેનો અને સમુદાયના સભ્યોને પર્યાવરણ સુરક્ષા, સ્વચ્છતા અને હરિયાળી જીવનશૈલી વિશે માહિતી આપવામાં આવી હતી.

'સેવા' દ્વારા 'લખનઉ મેટ્રો' અને 'જન શિક્ષણ સંસ્થાન' દ્વારા આયોજિત પર્યાવરણ કાર્યક્રમોમાં તેમણે ભાગ લીધો હતો. 'લખનઉ મેટ્રો' દ્વારા મહિલાઓ માટે ઇલેક્ટ્રિક વાહનોની સુવિધા શરૂ કરવામાં આવી હતી, જેથી મહિલાઓ મેટ્રો સ્ટેશનથી પોતાના નિર્ધારિત સ્થળ સુધી સરળતાથી અને ઓછા ખર્ચે મુસાફરી કરી શકે.

'સેવા'ના સભ્ય બહેનોને ઇલેક્ટ્રિક વાહનોની સુવિધા મળી હતી. કાર્યક્રમ દરમિયાન 'સેવા' દ્વારા સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. અહીં સભ્ય બહેનો અને લોકો સાથે 'સેવા' દ્વારા કરવામાં આવતા પર્યાવરણ અને આજીવિકા સંબંધિત કાર્યો વિશે માહિતી શેર કરવામાં આવી હતી.

૧૧ જૂન, ૨૦૨૬ના રોજ ''કેરી ધ ગ્રીન ફોરવર્ડ'' થીમ સાથે 'પર્યાવરણ સપ્તાહ'ના સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓમાંથી ૭૦થી વધુ સભ્યો, 'સેવા' ટીમ, સરકારના વિભાગોના પ્રતિનિધિઓ અને અન્ય સહભાગીઓ જોડાયા હતા.

રાજસ્થાનના પાલડી ગામમાં સ્થાનિક સભ્ય બહેનો સાથે મળીને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સભ્ય બહેનોને વૃક્ષોનું મહત્ત્વ, પર્યાવરણની સુરક્ષા અને કુદરતી સંસાધનોનું જતન વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે ઓર્ગેનિક ખેતી, કુદરતી ખેતી પદ્ધતિઓ અને જમીન તથા પાણી બચાવવાના ઉપાયો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. તમામ સભ્ય બહેનોએ પર્યાવરણની સુરક્ષા કરવાનો અને વધુ વૃક્ષો વાવીને તેની સંભાળ રાખવાનો સંકલ્પ લીધો હતો.

**- ખેતી ટીમ**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-22-6-26

## અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-22-6-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001